પાંચ રાજ્યોનો ચૂંટણી કાર્યક્રમ જાહેર

રાજસ્થાન અને તેલંગાણામાં સાતમી ડિસેમ્બરે મતદાન : મધ્યપ્રદેશ-મિઝોરમમાં ૨૮મીનવેમ્બરના દિવસે મતદાન થશે : છત્તિસગઢમાં બે તબક્કામાં ૧૨ અને ૨૦ નવેમ્બરે મતદાન : ૧૧મી ડિસેમ્બરે મતગણતરી

નવી દિલ્હી, તા.૬

જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી હતી તે પાંચ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી માટેના કાર્યક્રમની આજે જાહેરાત કરવામાં આવી હતી. આની સાથે જ લોકસભાની ચૂંટણી પહેલા સેમીફાઈનલ તરીકે ગણાતી પાંચ રાજ્યોની વિધાનસભાની ચૂંટણી માટેનો તખ્તો તૈયાર થઈ ગયો છે. રાજસ્થાન, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, તેલંગાણા અને મિઝોરમમાં વિધાનસભાની ચૂંટણી માટે કાર્યક્રમની આજે જાહેરાત કરવામાં આવી હતી. ચૂંટણી પંચે છત્તીસગઢમાં બે તબક્કામાં ચૂંટણી યોજવાની જાહેરાત કરી છે. જ્યારે મધ્યપ્રદેશ, મિઝોરમ, રાજસ્થાન અને તેલંગાણામાં એક તબક્કામાં ચૂંટણી યોજવાની જાહેરાત કરી છે. છત્તીસગઢમાં પ્રથમ તબક્કામાં ૧૮ સીટો માટે ૧૨મી નવેમ્બરના દિવસે મતદાન થશે.

જ્યારે બીજા તબક્કામાં ૭૨ વિધાનસભા ક્ષેત્રોમાં ૨૦મી નવેમ્બરના દિવસે મતદાન થશે. ચૂંટણી પંચે મધ્યપ્રદેશ અને મિઝોરમમાં એક તબક્કામાં ૨૮મી નવેમ્બરના દિવસે મતદાન યોજવાનો નિર્ણય કર્યો છે. રાજસ્થાન અને તેલંગાણામાં સાતમી ડિસેમ્બરના દિવસે મતદાન થશે. મતગણતરી ૧૧મી ડિસેમ્બરના દિવસે યોજવામાં આવશે અને તેજ દિવસે પરિણામ જાહેર કરી દેવામાં આવશે.

તમામ પાંચ રાજ્યોમાં ચૂંટણી કાર્યક્રમની જાહેરાતની સાથે જ આચારસંહિતા અમલી બની ગઈ છે. જુદા જુદા રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી માટેના કાર્યક્રમને લઈને હાલમાં અટકળોનો દોર ચાલી રહ્યો હતો. મતગણતરી ૧૧મી ડિસેમ્બરના દિવસે યોજાશે. બીજી બાજુ ચૂંટણી પંચે એવી જાહેરાત પણ કરી હતી કે કર્ણાટકમાં મંડીયા, બરેલી અને સીમોગામાં પેટાચૂંટણી ત્રીજી નવેમ્બરના દિવસે યોજાશે. આચારસંહિતા તાત્કાલિક ધોરણે અમલી કરી દેવામાં આવી છે.

ચૂંટણીનો વિસ્તૃત કાર્યક્રમ

નિષ્પક્ષ ચૂંટણી માટે ચૂંટણી પંચ સંપૂર્ણ તૈયાર

રાજસ્થાન વિધાનસભા

- કુલ વિધાનસભાની સીટો ૨૦૦ છે
- રાજસ્થામાં વિધાનસભાની અવધિ ૨૦મી જાન્યુઆરીના દિવસે પૂર્ણ થઈ રહી છે
- જાહેરનામુ જારી કરવાની તારીખ ૧૨મી નવેમ્બર રહેશે
- ઉમેદવારીપત્ર દાખલ કરવાની છેલ્લી તારીખ ૧૯મી નવેમ્બર
- ઉમેદવારી ચકાસણીની તારીખ ૨૦મી નવેમ્બર
- ઉમેદવારી પાછી ખેંચવાની તારીખ ૨૨મી નવેમ્બર
- મતદાનની તારીખ સાતમી ડિસેમ્બર
- મતગણતરીની તારીખ ૧૧મી ડિસેમ્બર રહેશે

ધ્યપ્રદેશ વિધાનસભા

- કુલ વિધાનસભાની સીટો ૨૩૦ છે
- વિધાનસભાની અવધિ ૭મી જાન્યુઆરીના દિવસે પૂર્ણ થાય છે
- જાહેરનામુ જારી કરવાની તારીખ બીજી નવેમ્બર રહેશે
- ઉમેદવારીપત્ર દાખલ કરવાની છેલ્લી તારીખ ૨૮મી નવેમ્બર રહેશે
- ઉમેદવારી ચકાસણીની તારીખ ૨૯મી નવેમ્બર
- મતદાનની તારીખ ૨૮મી નવેમ્બર રહેશે
- મતગણતરીની તારીખ ૧૧મી ડિસેમ્બર રહેશે

મિઝોરમ વિધાનસભા

- કુલ વિધાનસભાની સીટો ૪૦ છે
- વિધાનસભાની અવધિ ૧૫મી ડિસેમ્બરના દિવસે પૂર્ણ થાય છે
- જાહેરનામુ જારી કરવાની તારીખ બીજી નવેમ્બર રહેશે
- ઉમેદવારીપત્ર દાખલ કરવાની છેલ્લી તારીખ ૯મી નવેમ્બર રહેશે
- ઉમેદવારી ચકાસણીની તારીખ ૧૨મી નવેમ્બર
- ઉમેદવારી પાછી ખેંચવાની તારીખ ૧૪મી નવેમ્બર
- મતદાનની તારીખ ૨૮મી નવેમ્બર રહેશે
- મતગણતરીની તારીખ ૧૧મી ડિસેમ્બર રહેશે

તેલંગાણા વિધાનસભા

- કુલ વિધાનસભાની સીટો ૧૧૯ છે
- તેલંગાણામાં ૨૦૧૯માં અવધિ પૂર્ણ થનાર છે
- જાહેરનામુ જારી કરવાની તારીખ ૧૨મી નવેમ્બર રહેશે
- ઉમેદવારીપત્ર દાખલ કરવાની છેલ્લી તારીખ ૧૯મી નવેમ્બર
- ઉમેદવારી ચકાસણીની તારીખ ૨૦મી નવેમ્બર
- ઉમેદવારી પાછી ખેંચવાની તારીખ ૨૨મી નવેમ્બર
- મતદાનની તારીખ સાતમી ડિસેમ્બર રહેશે
- મતગણતરીની તારીખ ૧૧મી ડિસેમ્બર રહેશે

છત્તીસગઢ વિધાનસભા

- કુલ વિધાનસભાની સીટો ૯૦ છે
- વિધાનસભાની અવધિ પાંચમી જાન્યુઆરીના દિવસે પૂર્ણ થાય છે
- પ્રથમ તબક્કામાં ૧૮ વિધાનસભા સીટમાં ૧૨મી નવેમ્બરે મતદાન
- ૨૦મી નવેમ્બરે ૭૨ વિધાનસભા સીટમાં બીજા તબક્કામાં મતદાન
- મતગણતરીની તારીખ ૧૧મી ડિસેમ્બર રહેશે

રાજસ્થાનમાં આ વખતે પરંપરા બદલાશે : મોદી

વોટબેંકની રાજનીતિ કરનાર પાર્ટીઓને ક્યારેય ફરી તક ન આપવા મતદારોને અપીલ કરી : કોંગ્રેસ પર તીવ્ર પ્રહારો

અજમેર,તા. ૬

વિધાનસભાની ચૂંટણી માટે કાર્યક્રમની જાહેરાત થાય તે પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે અજમેરમાં ચૂંટણી પ્રચારનું રણશીંગુ ફૂક્યું હતું. રેલી દરમિયાન મોદીએ વિશ્વાસ વ્યક્ત કરતા કહ્યું હતું કે રાજસ્થાન આ વખતે પોતાની પરંપરા બદલશે અને ફરી એકવાર ભાજપને તક આપશે. રાજસ્થાનમાં એવી પરંપરા રહી છે કે એક વખતે ભાજપ અને એક વખતે કોંગ્રેસને જીત પ્રજા આપે છે. પરંતુ આ વખતે રાજસ્થાનના લોકો આ પરંપરાને તોડી નાખશે. મોદીએ કોંગ્રેસ પર પ્રહાર કરતા કહ્યું હતું કે કોંગ્રેસ પાર્ટીને કોઈપણ સંજોગોમાં તક આપવી યોગ્ય રહેશે નહીં. પ્રચાર દરમિયાન મોદીએ ત્રિપલ તલાક અને સર્જિકલ સ્ટ્રાઈક જેવા સંવેદનશીલ મુદ્દાનો ઉલ્લેખ કર્યો હતો. મોદીએ કહ્યું હતું કે અમે ખોટુ બોલવાની ટેવ ધરાવતા નથી. કોંગ્રેસ પર વોટબેંકની રાજનીતિ કરવાનો ગંભીર આક્ષેપ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે એકબાજુ વોટબેંકની રાજનીતિ છે તો બીજી બાજુ સબકા સાથ સબકા વિકાસની બાબત રહેલી છે.

શાસન વિરોધી પરિબળો વચ્ચે ભાજપ સામે કેટલાક પડકારો

રાજસ્થાન, એમપી, છત્તીસગઢમાં લોકો નારાજ : ત્રણેય રાજ્યોમાં સત્તા ટકાવી રાખવાની બાબત ભાજપ માટે પડકારરૂપ હશે : મોદી લહેર પર ભાજપ આધારિત

નવી દિલ્હી, તા.૬

પાંચ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી માટે કાર્યક્રમની આજે જાહેરાત કરવામાં આવી હતી. છત્તીસગઢમાં બે તબક્કામાં ચૂંટણી યોજાનાર છે. આ પાંચ રાજ્યોની ચૂંટણી લોકસભા ચૂંટણી પહેલા સેમીફાઈનલ સમાન બનનાર છે. આ ચૂંટણીથી લોકસભા ચૂંટણીને લઈને દિશા નક્કી થશે. રાજસ્થાનમાં છેલ્લી વિધાનસભાની ચૂંટણીમાં ભાજપે જોરદાર દેખાવ કરીને જીત મેળવી હતી. આ વખતે બંને વચ્ચે સીધી ટક્કર છે. રાજસ્થાનમાં છેલ્લે ૨૦૧૩માં ચૂંટણી યોજાઈ હતી. જેમાં ભાજપે જોરદાર સપાટો બોલાવીને ૧૬૦ સીટો જીતી હતી. કોંગ્રેસને ૨૫ અને અન્યોને ૧૫ સીટો મળી હતી. આવી જ રીતે મધ્યપ્રદેશમાં છેલ્લા ૧૫ વર્ષથી ભાજપની સરકાર રહેલી છે. નવેમ્બર ૨૦૦૫માં શિવરાજસિંહ ચૌહાણ મુખ્યમંત્રી બન્યા હતા. ત્યારબાદથી તેઓ ત્રીજી અવધિમાં મુખ્યમંત્રી તરીકે છે. આ વખતે મધ્યપ્રદેશમાં પણ ભાજપને જોરદાર પડકારનો સામનો કરવો પડી રહ્યો છે. રાજ્યમાં વિધાનસભાની ૨૪૦ સીટો છે. એક તબક્કામાં ૨૮મી નવેમ્બરના દિવસે મતદાન યોજાશે. અહીં પણ શાસન વિરોધી પરીબળો આ વખતે જોરદાર છે અને લોકોની નારાજગી દેખાઈરહી છે. છત્તીસગઢમાં છેલ્લી વિધાનસભાની ચૂંટણી ૨૦૧૩માં યોજાઈ હતી. જેમાં ભાજપે સપાટો બોલાવ્યો હતો. આ વખતે અહીં બે તબક્કામાં મતદાન યોજાનાર છે. જે પૈકી પ્રથમ તબક્કામાં ૧૨મી નવેમ્બરે અને બીજા તબક્કામાં ૨૦મી નવેમ્બરે મતદાન યોજાશે. ૨૭ જિલ્લાઓમાં વિધાનસભાની કુલ ૯૧ સીટો છે જે પૈકી ૯૦ સીટો પર હંમેશા મતદાન થાય છે. એક એન્ગલો ઈન્ડિયન સીટ છે. આ રાજ્યમાં ભાજપ હાલ સત્તામાં છે. ડૉ.રમણસિંહ મુખ્યમંત્રી છે. કોંગ્રેસ પાર્ટી મુખ્ય વિરોધી પાર્ટી છે. ભાજપ પાસે ૪૯ અને કોંગ્રેસ પાસે ૩૯ સીટો છે. અન્યોની પાસે ત્રણ સીટો રહેલી છે. ૨૦૦૦માં અસ્તિત્વમાં આવેલા છત્તીસગઢમાં શરૂઆતી ત્રણ વર્ષ કોંગ્રેસની સરકાર રહી હતી.

ખેડૂતોને જેલભેગા કરાય છે જ્યારે માલ્યા સ્વતંત્ર ફરે છે : રાહુલ ગાંધી

ખેડૂતો પોતાના અધિકાર માટે લડે છે ત્યારે તેમને જેલભેગા કરી દેવામાં આવે છે : માલ્યા વિરૂદ્ધ પગલાં લેવાતા નથી

મુરેના,તા. ૬

મધ્યપ્રદેશ પ્રવાસ ઉપર પહોંચેલા કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીએ મુરેનામાં જાહેરસભા યોજી હતી. રાહુલ ગાંધીએ ભારતીય જનતા પાર્ટીની સરકાર અને વડાપ્રધાન ઉપર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું હતું કે હાલમાં દિલ્હી પહોંચેલા ખેડૂતો ઉપર લાઠીચાર્જ કરવામાં આવ્યો હતો. રાહુલે ઉમેર્યું હતું કે ખેડૂતો પોતાના અધિકારો માટે લડે છે અને તેમને જેલભેગા કરવામાં આવે છે પરંતુ એવી વ્યક્તિ સામે પગલા લેવામાં આવતા નથી જે લોકો ૯૦૦૦ કરોડ રૂપિયા લઈને વિદેશ ફરાર થઈ ગયા છે. તેમણે ઉમેર્યું હતું કે વિજય માલ્યા નવ હજાર કરોડ લઈને ફરાર થઈ ગયા છે. ભાગી જતા પહેલા તેઓ સંસદમાં નાણામંત્રીને મળ્યા હતા અને કહ્યું હતું કે તેઓ લંડન જઈ રહ્યા છે. નાણામંત્રીએ પોલીસ, ઈડી અને સીબીઆઈને પણ આની જાણ કરી ન હતી. ખેડૂતો પોતાના અધિકારો માટે લડે છે ત્યારે તેમને જેલમાં નાખી દેવામાં આવે છે પરંતુ એવી વ્યક્તિ સામે કોઈ પગલા લેવાતા નથી જે લોકો દેશના જંગી નાણા લઈને ફરાર થઈ ચુક્યા છે.

એપોલો દ્વારા સીબીસીસીએ કેન્સર સર્વાઈવર્સનાં ઈન્ટરેક્ટિવ સેશનનું આયોજન

અમદાવાદ,

એપોલો સીબીસીસી કેન્સર કેરએ એપોલો હોસ્પિટલ્સ, ભાટમાં કેન્સર સર્વાઈવર્સનાં માનમાં એક ઈન્ટરેક્ટિવ સેશનનું આયોજન કર્યું હતું. આ ઈવેન્ટમાં ૪૫ કેન્સર સર્વાઈવર્સ ભેગા થયાં હતાં તેમજ તેમણે કેન્સરનાં નિદાનથી લઈને તેની સારવાર દરમિયાન તેમની વિવિધ મુશ્કેલીઓ અને કેન્સરની સફળતાપૂર્વક સારવારનાં અનુભવો રજૂ કરયા. આ ૪૫ કેન્સર સર્વાઈવર્સે દુનિયાને દેખાડી દીધું છે કે, કેન્સરનું નિદાન થયા પછીનું જીવન પણ અર્થપૂર્ણ, ઉપયોગી અને પ્રેરક બની શકે છે.

આ સેશનનો ઉદ્દેશ કેન્સર સર્વાઈવર્સ, એમનાં પરિવારજનો અને એમની સારસંભાળ કરનાર સર્વિસ પ્રોવાઈડરનું ઊભું કરવાનો છે, જેઓ કેન્સરનાં દર્દીઓની સારસંભાળમાં ફેરફાર લાવવા આતુર છે અને કટિબદ્ધ છે.

કેન્સર સર્વાઈવર્સની માનસિક ચિંતા કે નિરાશા દૂર કરવાની દિશામાં પ્રથમ પગલું છે – હોસ્પિટલ સ્ટાફ. દર્દી અને એમનાં પરિવારજનો માટે ડૉક્ટર્સ અને નર્સિંગ સ્ટાફ કાઉન્સેલર્સની ભૂમિકા ભજવે છે.

ધીમે ધીમે આ પ્રકારનાં વધુને વધુ જૂથો સમાજમાં ઊભા થશે અને તેમનાં ઉત્કૃષ્ટ કાર્યથી સમાજને લાભ થશે.

ગીરમાં સિંહના મોત મામલે મોદીને અહેમદ પટેલનો પત્ર

ઝડપથી પગલા લેવા માટે અપીલ કરવામાં આવી : વર્ષ ૨૦૧૬ બાદથી ૧૮૦થી વધુ સિંહના મોત થઈ ચુક્યા છે : પત્રમાં રાજ્ય સરકારની બેદરકારીનો ઉલ્લેખ કર્યો

અમદાવાદ, તા.૬

ગુજરાતમાંથી રાજ્યસભાના સાંસદ અને ઓલ ઈન્ડિયા કોંગ્રેસના ખજાનચી અહેમદ પટેલે ગુજરાતમાં ગીર સિંહોના મોતના મુદ્દે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખ્યો છે અને આ સંદર્ભમાં ઝડપી પલગા લેવા માટે અપીલ કરી છે. પત્રમાં જણાવવામાં આવ્યું છે કે છેલ્લા ત્રણ સપ્તાહમાં જ ૨૩ સિંહના મોત થઈ ચુક્યા છે અને ૨૦૧૬ બાદથી ૧૮૦ સિંહના મોત થઈ ચુક્યા છે. રાજ્ય સરકારની લાંબી બેદરકારી અને નિરાશાજનક ધ્યાન આપવાની પ્રક્રિયાથી આ મોત થયા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

ગુજરાત રાજ્યમાં છેલ્લા ત્રણ સપ્તાહમાં ૨૩ અને બે વર્ષમાં ૧૮૦ જેટલા સિંહો મૃત્યુ પામ્યા હોવા અંગે આકરા પ્રહારો કરતા કોંગ્રેસના સાંસદ અહેમદ પટેલે વડાપ્રધાનને એક પત્ર પાઠવી જણાવ્યું છે કે, સિંહોના મોતની ગંભીર અને ચિંતાજનક સ્થિતિમાં રાજયની ભાજપ સરકારને કંઈ જ સુઝતું નથી. તેમણે પર્યાવરણ અને વનવિભાગ દ્વારા ઈકો-સેન્સેટિવ ઝોનમાં ૧૦ કિલોમીટરનો વધારો કરવા સાથે પ્રવાસન અને વન્યજીવન વચ્ચે સંતુલન જાળવવા ગેરકાયદેસર ચાલતા રિસોર્ટ તાત્કાલિક બંધ કરાવવા વડાપ્રધાન સમક્ષ માંગ કરી છે. કોંગ્રેસના રાજ્યસભા સાંસદ અહમદ પટેલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ભાજપ સરકાર પર આકરા પ્રહારો કરતો એક પત્ર લખ્યો છે. કોંગ્રેસના રાષ્ટ્રીય ખજાનચી અહમદ પટેલે સિંહોના મૃત્યુ અંગે ભાજપ પર આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે, ગીરના જંગલમાં ૨૩ સિંહ મૃત્યુ પામવા સાથે ૩પથી વધારે સિંહો સંક્રમણની સ્થિતિમાં ખુબ જ ચિંતાજનક હાલતમાં છે. ત્યારે ભાજપ સરકારને કાંઈ સુઝતું નથી.

જામવાલામાં સિંહોને વેકસીન આપવાની પ્રક્રિયા આરંભાઈ

જામાલા એનિમલ કેર સેન્ટરમાં ૩૧થી વધુ સિંહને વિદેશથી આવેલી વેકસીન આપવામાં આવી : વન વિભાગના અધિકારીઓ અને તબીબો વચ્ચે રસી આપવાના મુદ્દે મહત્વપૂર્ણ બેઠક યોજાઈ

અમદાવાદ, તા.૬

ગીર પંથકમાં ૨૩થી વધુ સિંહના મોત થયા બાદ હવે ખૂબ જ ઝડપથી સિંહોને અમેરિકાથી આવેલી રસી આપવાની શરૂઆત થઈ ચુકી છે. જામવાલા એનિમલ કેર સેન્ટરમાં ૩૧ સિહોંને રસી આપવાની શરૂઆત થઈ ચુકી છે. બીજી બાજુ રસી પુરતા પ્રમાણમાં હોવા છતાં વધુ ૫૦૦ રસીનો ઓર્ડર પણ આપી દેવામાં આવ્યો છે. ૫૦૦થી વધુ વન્ય કર્મીઓ દ્વારા ગીરને ખુંદી નાખીને દલખાણીયા વિસ્તારમાંથી ૩૧ સિંહોને રેસક્યુ કરી જામવાલા એનિમલ કેર સેન્ટરમાં ખસેડવામાં આવ્યા છે. પાંચ સિંહોને જસાધાર એનિમલ સેન્ટરમાં ખસેડાયા છે. સિંહોને વેકસીન આપવાની કામગીરી શરૂ થઈ ચુકી છે. ગીર પંથકમાં તાજેતરમાં થયેલા ૨૩ સિંહોના મોતને પગલે ગુજરાત સહિત

દેશભરમાં મચી ગયેલા ખળભળાટ બાદ સરકાર દ્વારા સિંહોમાં ફેલાતા કેનાઈન ડિસ્ટેમ્પર વાઈરસ(સીડીવી)ને નાથવા અમેરિકાથી તાબડતોબ મંગાવાયેલી ખાસ વેકિસન આજે ગીર-સોમનાથના જામવાળા એનીમલ સેન્ટર ખાતે પહોંચાડવામાં આવી હતી, જયાં ૩૩ સિંહોને નીરીક્ષણ હેઠળ રાખવામાં આવ્યા છે, જેમાં ચાર નર સિંહોનો પણ સમાવેશ થાય છે. ટૂંક સમયમાં જ નિષ્ણાત તબીબો દ્વારા સિંહોને આ વેકિસનનો ડોઝ તેમની જરૂરિયાત પ્રમાણે આપવામાં આવશે. એક સિંહને આ રસીનો ઓછામાં ઓછો ત્રણ ડોઝ આપવામાં આવશે. આ રસીથી સિંહોની રોગપ્રતિકારક શકિત પણ વધશે તેવું મનાઈ રહ્યું છે. સિંહોને બચાવવા અમેરિકાથી મંગાવાયેલી આ ખાસ વેકિસન ગઈકાલે વિમાન માર્ગે રાજકોટ આવી પહોંચી હતી. આ વેકિસન સિંહોને જે સ્થળે રાખવામાં આવ્યા છે તે જામવાળા એનિમલ કેર સેન્ટર ખાતે આજે સુરક્ષિત રીતે લઈ જવામાં આવી હતી. જ્યાં આ વેકિસન માયનસ ૧૬ ડીગ્રી તાપમાનમાં સુરક્ષિત રાખવા માટે તમામ વ્યવસ્થા તંત્ર દ્વારા કરવામાં આવી હતી.

તન દુરસ્તી ● ચોથા પાનાનું ચાલું

લોકો હોય ત્યાં જલદી સ્વાઈન ફ્લુ થાય ? શોભનાબહેને કહ્યું જો કમુ જ્યાં વધારે પ્રમાણમાં લોકો હોય એમાં ઘણા લોકો એવા હોય કે જે લોકોને ખબર નથી હોતી કે મને સ્વાઈન ફ્લુની અસર થઈ છે. પણ એમના શ્વાસોચ્છવાસમાં કરોડોની સંખ્યામાં સ્વાઈન ફ્લુના વાઈરસ હોય છે અને જો તમારી રોગપ્રતિકારક શક્તિ ઓછી હોય અથવા તો તમને વાઈરલ ઈન્ફેકશન થયેલું હોય તો તરત જ તમને સ્વાઈન ફ્લુની અસર થઈ જશે. એટલે કે શક્ય હોય તો આવી જાહેર જગ્યાઓ પર ન જવું જોઈએ અને જો કમુબેન માતાજીની ભક્તિ કરવા માટે બીજા ઘણા રસ્તા છે. ગરબા એ છોકરાઓના કામ છે એ છોકરાઓ કરે. આપણા ઉપવાસ કરીએ, માતાજીની માળા કરીએ બસ એટલું જ બહું છે. પણ એટલું તો કરી શકીએ કે આપણા છોકરાઓને સારી જગ્યાએ જે આયોજકો નવરાત્રિ કરાવતાં હોય ત્યાં જ મોકલીએ.

મોરપીંછના રંગ ● ચોથા પાનાનું ચાલું

છોડીને જતો રહે એ જરા અજૂગતું લાગે છે. પ્રેયસી અને પત્નીમાં અટવાતા પતિની કથા નબળી પડે છે. પિતા – પુત્રના સંવાદો કથાને ધીમી પાડે છે. પતિથી ત્યજાયેલી સ્ત્રી (તરલિકા) પાછલી ઉંમરમાં સહારા માટે મિત્ર જોઈએ છે એવી અખબારમાં જાહેરાત આપે, પોતાના જ પતિની પ્રેયસી મિતાલી આવે અને બન્ને એકબીજાને ઓળખે, સાથે રહેવાનો નિર્ણય કરે.. આ બધુ એકદમ નાટ્યાત્મક રીતે રજુ થાય છે. કથાના તંતુ જોડાય છે પણ માનવીય સંવેદનના તંતુઓ કથા સાથે કે પ્રેક્ષકોના હદય સાથે જોડાતા નથી.

રિશ્તા ઈલેક્ટ્રોનિક તાર કા :

થીયેટર પીપલ - જામનગર દ્વારા પ્રસ્તુત અમાત્ય ગોરડિયા લિખિત અને રોહિત હરિયાણી દિગ્દર્શિત આ ૨૧મી સદીનું અદભુત એકાંકી એક નવા જ વિષયને લઈને આવે છે. મુખ્ય પાત્ર ભાવેશ કોમ્પ્યુટરનો ચાહક, વાહક અને સંવાહક છે. એનું આખું જીવન કોમ્પ્યુટરને સમર્પિત છે. જીવનની બધી જ સમસ્યાઓ, સંવેદનાઓ અને સંઘર્ષ કોમ્પુટર સાથે શેર કરતો ભાવેશ આજના યુગના માણસનું પ્રતીક બનીને ઘણું બધું કહી જાય છે. એક નવા જ પ્રકારની કથા હોવાથી એનું દિગ્દર્શન પણ નવા પ્રકારનું અને અદભુત રહ્યું. ઈન્ટરનેટ પર થતા મેસેજના આપ લેનું દૃશ્ય, ઓન લાઈન પિતા પુત્રની વાતચીત, રીયાનું રોબોટ નીકળવું અને અંતમાં ભાવેશનું દાદીના ખોળામાં પરત ફરવું - ઈલેક્ટ્રોનિક્સની દુનિયા પર થતો સંવેદનની દુનિયાનો વિજય તમામ પ્રેક્ષકોના હદય જીતી લે છે. મારી વ્યક્તિગત દૃષ્ટિએ સાતેય એકાંકીમાં આ એકાંકી સૌથી શ્રેષ્ઠ રહ્યું.

આ સ્પર્ધાના નિર્ણાયક તરીકે ઓહ માય ગોડ અને ૧૦૨ નૉટ આઉટ ફિલ્મના દિગ્દર્શક શ્રી ઉમેશ શુકલ, જાણીતા નાટ્ય દિગ્દર્શક રાજુ જોશી અને શ્રી મહેશ ચંપકલાક ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર નાટ્ય સ્પર્ધાને સફળ બનાવવા સંસ્થાના ડિરેક્ટર શ્રી જીગર રાણા અને શ્રી કમલેશ મોતાએ ખુબ જ મહેનત કરી હતી.

9426060601.india@gmail.com

ભારતનો ઈનિંગ્સ અને ૨૭૨ રને વિજય

ટેસ્ટના ઈતિહાસમાં ભારતની રન અને ઈનિંગ્સમાં સૌથી મોટી જીત : ભારતના ૬૪૯ રનના જવાબમાં વિન્ડિઝ પ્રથમ દાવમાં ૧૮૧ રન, ફોલોઓન બાદ બીજા દાવમાં ૧૯૬ રનમાં આઉટ થયું : એક દિવસમાં ૧૪ વિકેટો પડી

રાજકોટ,તા. ૬

રાજકોટમાં સૌરાષ્ટ્ર ક્રિકેટ ઓસોસિએશન મેદાન ખાતે રમાયેલી પ્રથમ ટેસ્ટ મેચમાં ભારતે આજે પ્રવાસી વેસ્ટ ઈન્ડિઝને કચડી નાખીને સૌથી મોટી જીત હાંસલ કરી હતી. ટેસ્ટ ક્રિકેટમાં ભારતે પ્રથમ સૌથી મોટી જીત મેળવી હતી. વિન્ડિઝને એક ઈનિંગ્સ અને ૧૭૨ રને હાર આપી હતી. ભારતને પ્રથમ દાવમાં નવ વિકેટે ૬૪૯ રન દાવ ડિકલેરના જવાબમાં વિન્ડિઝની ટીમ તેના પ્રથમ દાવમાં ૪૮ ઓવરમાં માત્ર ૧૮૧ રન કરીને ઓલઆઉટ થઈ ગઈ હતી. જેના લીધે વિન્ડિઝને ફોલોઓન થવાની ફરજ પડી હતી. ફોલોઓન થયા બાદ પણ વિન્ડિઝના બેટ્સમેનો નિષ્ફળ રહ્યા હતા અને એક પછી એક વિકેટો ગુમાવી હતી. વિન્ડિઝની ટીમ બીજી ઈનિંગ્સમાં ૫૦.૫ ઓવરમાં ૧૯૬ રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ હતી. આની સાથે જ ભારતે સૌથી મોટી જીત મેળવી હતી. ભારતની ટેસ્ટ મેચમાં ઈનિંગ્સ અને રનના મામલામાં આ સૌથી મોટી જીત છે. આ પહેલા આ વર્ષે જૂન મહિનામાં ભારતે અફગાનિસ્તાનને બેંગલોરમાં એક ઈનિંગ્સ અને ૨૬૨ રને હાર આપી હતી. ભારત તરફથી બીજી ઈનિંગ્સમાં કુલદીપે જોરદાર બોલીંગ કરીને ભારતને જીત અપાવવામાં ચાવીરૂપ ભૂમિકા ભજવી હતી. કુલદીપે ૫૭ રન આપીને પાંચ વિકેટ ઝડપી હતી. અશ્વિને પણ જોરદાર બોલીંગ કરી હતી. અશ્વિને ૭૧ રન આપીને બે વિકેટ ઝડપી હતી. આ ટેસ્ટ મેચમાં ભારતીય ખેલાડીઓ છવાયેલા રહ્યા હતા. કુલદીપ સામે વિન્ડિઝના બેટ્સમેનો ટકી શક્યા ન હતા અને એક પછી એક વિકેટો ગુમાવી હતી. અગાઉ રાજકોટના મેદાન ઉપર પ્રથમ ક્રિકેટ ટેસ્ટ મેચના ત્રીજા દિવસે વેસ્ટ ઈન્ડિઝની ટીમ તેના પ્રથમ દાવમાં ભારતના નવ વિકેટે ૬૪૯ રન દાવ ડિકલેરના જવાબમાં ૧૮૧ રન કરીને ઓલઆઉટ થઈ ગઈ હતી.